પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૭૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૪-૧૧-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 78 PRICE :-RS. 1.50 DATE : 24-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### તમારી પોલિસી શું છે? શું થઈ રહ્યું છે? આ બધું શું છે?: સુપ્રિમનો ગુજરાત સરકારને સવાલ

## કોરોના બેકાબૂ: સુપ્રિમે ગુજરાત સહિત ત્રણ રાજ્યોને ફટકાર લગાવી



ન્યુ દિલ્હી,

દેશમાં જેવી રીતે ફરી એકવાર કોરોના વાયરસે દસ્તક આપી છે, તેના પર સુપ્રીમ કોર્ટે સખ્ત વલણ અપનાવ્યું છે. કોરોનાના સતત વધી રહેલા મામલા અને કોરોનાથી મૃત્યુ પામનારાના મૃતદેહ સાથે મિસહેન્ડલિંગ પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરતાં આ સમગ્ર મામલે રિપોર્ટ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી, મહારાષ્ટ્ર, ગુજરાત અને આસામ સરકાર પાસે કોરોના સંક્રમણની હાજર સ્થિતિથી નિપટવા માટે શું પગલાં ભર્યાં તેની જાણકારી માંગી છે. કોર્ટે આ રાજ્યો પાસે સમગ્ર મામલે સોગંધનામું દાખલ કરવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ અશોક ભૂષણની અધ્યક્ષતા વાળી બેંચે ગુજરાત અને દિલ્હી સરકારને કોરોના સંક્રમણને પગલે ખરાબ થયેલી સ્થિતિને લઈ ફટકાર લગાવી છે. ગુજરાત સરકારની સુપ્રીમ કોર્ટે ઝાટકણી કાઢી છે. જસ્ટિસ શાહે કહ્યું કે, કોરોના સંક્રમણના વધતા કેસ છતા ગુજરાતમાં લગ્ન, સમારોહ અને અન્ય કાર્યક્રમોમાં છૂટ આપવામાં આવી છે. અહીંયા દિલ્હી અને મહારાષ્ટ્ર પછી સૌથી ખરાબ સ્થિતિ છે. તમારી પોલિસી શું છે? શું થઈ રહ્યું છે? આ બધું શું છે? દિલ્હી અને મહારાષ્ટ્ર બાદ ગુજરાત કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે.

સુપ્રીમ કોર્ટે તામમ રાજ્યો પાસે કોરોનાથી નિપટવા માટે ઉઠાવવામાં આવેલાં પગલાંની જાણકારી માંગી છે. અને એક સ્ટેટસ રિપોર્ટ ફાઈલ કરવા કહ્યું છે. કોર્ટે કહ્યું કે આગામી સમયમાં રાજ્ય શું પગલાં ઉઠાવશે અને તેમને કોરોનાથી લડવા માટે કેન્દ્ર સરકાર પાસેથી શું મદદ જોઈશે તેનો રિપોર્ટ દાખલ કરે. કોર્ટે રાજ્યોને શુક્રવાર સુધીમાં રિપોર્ટ જમા કરાવવા કહ્યું. સાથે જ કોર્ટે કહ્યું કે રાજ્યોએ ડિસેમ્બર અને આગામી મહિના માટે તૈયાર રહેવાની જરૂરત છે કેમ કે સ્થિતિ વધુ બગડી શકે છે. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ઝાટકણી કાઢતાં કહ્યું કે કોવિડ-૧૯ના કેસો વધુ હોવા છતાંય લગ્ન અને મેળાવડાઓને મંજૂરી કેમ આપવામાં આવી રહી છે.

સુપ્રીમ કોર્ટે ગુજરાત ઉપરાંત દિલ્હી રાજ્ય સરકારનો પણ કાન પકડતા કહ્યું કે દેશની રાજધાનીમાં જ જો સ્થિતિ બેકાબૂ હોય તો પછી અન્ય વિસ્તારોમાં શું હશે તેની અમે કલ્પના નથી કરી શકતા. દિલ્હીમાં બગડી રહેલી કોરોના સ્થિતિને લઈને રાજ્ય સરકારે શું પગલા ભર્યા છે તે અંગે જવાબ આપવા માટે કહ્યું છે.

મહત્વનું છે કે રાજધાની દિલ્હીમાં રવિવારે ૬૭૪૬ લોકોનાં મોત થયાં. ૬૧૫૪ લોકો સાજા થયા અને ૧૨૧ લોકોનાં મોત થયાં. મોતનો આ આંકડો દેશમાં સૌથી વધુ રહ્યો. આ કેસમાં ૫૦ લોકોનાં મોતની સાથે મહારાષ્ટ્ર બીજા નંબરે રહ્યું હતું. મહારાષ્ટ્રમાં આ આંકડો ૧૫ મે પછી સૌથી ઓછો છે. ત્યારે અહીં ૪૯ લોકોનાં મોત થયાં હતાં. દિલ્હીમાં આ પહેલાં ૧૮ નવેમ્બરે સૌથી વધુ ૧૩૧ દર્દીનાં મોત થયાં હતાં.

### મધ્ય પ્રદેશના દાવાને ફગાવીને ગુજરાતે વળતો ક્લેમ કર્યો

## વીજળી મામલે ગુજરાત-મ.પ્રદેશ આમને-સામને: મ.પ્રદેશે માંગ્યા ૯૦૪ કરોડ

ગાંધીનગર,

મધ્ય પ્રદેશ અને ગુજરાત સરકાર વચ્ચે સરદાર સરોવર પ્રોજેક્ટના વીજ ઉત્પાદનને લઈને વિવાદની સ્થિતિ સર્જાયી છે. મધ્ય પ્રદેશનો દાવો છે કે, સરદાર સરોવર ડેમ માટેના કરાર અનુસાર, વીજળી ઉત્પન્ન નથી થઈ. જેના પગલે મ.પ્રદેશને અન્ય રાજ્યો પાસેથી વીજળી ખરીદવી પડે છે. આ માટે ગુજરાત સરકાર પાસેથી ૯૦૪ કરોડ રૂપિયાનો ક્લેમ માંગવામાં આવ્યો હતો. જો કે ગુજરાત સરકાર દ્વારા તેને ફગાવી દેવાયો છે.

મધ્ય પ્રદેશના દાવાને ફગાવતા ગુજરાત સરકારે કહ્યું કે, મધ્ય પ્રદેશના ઈન્દિરા સાગર ડેમમાં પાણી રોકવાના કારણે વીજળી ઉત્પન્ન નથી થઈ. આ તથ્યના આધારે ગુજરાત સરકારે વળતો મધ્ય પ્રદેશની સરકાર પર જ ક્લેમ ઠોક્યો છે. જે બાદ વિવાદ અટકવાની જગ્યાએ વકરતો હોય તેમ જણાઈ રહ્યું છે.

ગુજરાત સરકારનો દાવો છે કે, મધ્ય પ્રદેશમાં પાણી રોકવાના કારણે તેમને ૧૦ મિલિયન યુનિટનું નુક્સાન થયું છે. આ માટે ગુજરાત સરકારે ૫ કરોડ રૂપિયાનો ક્લેમ માંગ્યો છે. આખરે હવે સમગ્ર મામલે સરદાર સરોવર જળાશય નિયમન સમિતિ સુધી પહોંચ્યો છે. આ મામલે જલ્દી કોઈ કાર્યવાહી કરવામાં આવી શકે છે. આ માટે ટૂંક સમયમાં જ બન્ને રાજ્યોના પ્રતિનિધિઓ વચ્ચે ચર્ચા થઈ શકે છે.

### પોલીસ કમિશનરનું જાહેરનામું

## અમદાવાદમાં ૭ ડિસેમ્બર સુધી રાત્રે ૯ થી સવારે ૬ સુધી કર્ફ્યૂ યથાવત્ રહેશે

અમદાવાદ,

કોરોનાનું સંક્રમણ અમદાવાદ શહેરમાં વધતા બે દિવસ માટે સંપૂર્ણપણે કર્ફ્યૂ લગાવવામાં આવ્યો હતો. શહેરના પોલીસ કમિશનરે જાહેરનામું બાહર પાડીને જણાવ્યું છેકે, અમદાવાદમાં ૭ ડિસેમ્બર સુધી રાત્રે ૯ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધીનું રાત્રી કર્ફ્યૂ યથાવત રહેશે. સોમવારે સવારે ૬ વાગ્યાથી કર્ફ્યૂ હટાવી દેવામાં આવ્યો છે. આજે સવારથી અમદાવાદ ફરી ધમધમતું થયું છે. રોડ પર વાહનોની અને લોકોની અવરજવર શરૂ થઈ ગઈ છે. **AMTS** અને **BRTS** બસ સેવા પણ શરૂ થઈ ગઈ છે. લોકો રોડ પર ફરી નીકળ્યા છે. બે દિવસ સુધી લોકો કર્ફ્યૂ હોવાથી ઘરમાં રહ્યા હતા. આજે સવારથી ફરી ઓફિસો શરૂ થઈ ગઈ હોવાથી લોકો જવા લાગ્યા છે.

અમદાવાદમાં ૫૭ કલાક બાદ આજે સવારે ૬ વાગે કર્ફ્યુ પૂર્ણ થયો છે. કર્ફ્યુ પૂર્ણ થતા અમદાવાદનું જનજીવન ફરી સામાન્ય બન્યું છે. સતત ભીડભાડવાળા ચોખા બજારના દ્રશ્યો અલગ જોવા મળ્યા હતા. કર્ફ્યુ બાદ પણ અમદાવાદ પોલીસ હાલમાં સ્ટેન્ડ ટુ છે. ચોખા બજાર વિસ્તારમાં ભીડ ન થાય તે માટે સવારથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. સામાજિક અંતર જાળવવા, ભીડ ન કરવા અને માસ્ક પહેરવા પોલીસ સમજણ આપી રહી છે.

## અમદાવાદમાં કરફ્યૂ ખુલતા જ શાકભાજીના ભાવમાં ભડકો, ગૃહિણીઓનું બજેટ ખોરવાયું



અમદાવાદ,

એક તરફ કોરોનાના કારણે લોકો પરેશાન છે ત્યારે હવે ૫૭ કલાકના કરફ્યૂ ખુલ્યા બાદ અમદાવાદ ફરીથી ધબકતુ થયું છે. તો હવે આજ સવારથી લોકો તેમના રોજિંદા જીવનમાં પાછા ફર્યા છે. વહેલી સવારથી રસ્તા પર લોકોની ભીડ જોવા મળી રહી છે. ત્યારે અમદાવાદ ખાતે આવેલા જમાલપુર શાક માર્કેટમાં પણ લોકો શાકભાજીની ખરીદી કરવા માટે ઉમટી પડ્યા હતા. આ વચ્ચે લોકો માસ્ક વગર અને સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાવતા જોવા મળી રહ્યા હતા. જ્યારે કરફ્યૂ પૂરો થતા માર્કેટ ખુલતા જ શાકના ભાવમાં પણ વધારો થયો છે. શહેરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે.

કોરોનાના કારણે ઘણા લોકો બેકાર બની ગયા છે. મોઘવારી દિવસેને દિવસે વધી રહી છે. જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે શાકભાજીના ભાવ આસમાને પહોચ્યાં છે. શાકભાજીમાં થયેલા વધારાથી ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે.

## કોરોના રસી: આજે વડાપ્રધાન રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક કરશે



ન્યુ દિલ્હી,

દિલ્લી સહિત દેશના ઘણા રાજ્યોમાં કોરોના વાયરસનુ સંક્રમણ એકવાર ફરીથી જોર પકડી રહ્યુ છે. સંક્રમણના જોખમને જોતા જ્યાં દિલ્લીમાં કોરોના વાયરસ ટેસ્ટિંગની સંખ્યા વધારી દેવામાં આવી છે ત્યાં અમુક રાજ્યોમાં રાત્ર કર્ફ્યુ જાહેર કરવામાં આવ્યો છે. આ દરમિયાન કોરોના વાયરસ સામે લડવા માટે તૈયાર થઈ રહેલી વેક્સીન માટે પણ સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે. સમાચાર છે કે વેક્સીન માટે વિતરણની રણનીતિ સહિત અન્ય જરૂરી વાતો માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા બેઠક કરશે.

સૂત્રો મુજબ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારે બેક-ટુ-બેક બે તબક્કામાં રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરશે. આમાં પહેલી બેઠક એ આઠ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે થશે જ્યાં કોરોના વાયરસના કેસ સૌથી વધુ છે. ત્યારબાદ અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત રાજ્યોના સીએમ સાથે કોરોના વાયરસના વિતરણની રણનીતિ માટે પીએમ મોદી બેઠક કરશે.

તમને જણાવી દઈએ કે હાલના દિવસોમાં દિલ્લી અને મહારાષ્ટ્ર સહિત અમુક રાજ્યોમાં કોરોના વાયરસની વધુ એક લહેર જોવા મળી છે. જો કે દેશમાં દૈનિક કેસ હજુ પણ ૫૦ હજારની સંખ્યાથી નીચે છે પરંતુ અમુક શહેરી વિસ્તારોમાં દર્દીઓની સંખ્યા ઝડપથી વધી છે જેના કારણે અહીં રાત્રિ કર્ફ્યુ અને લગ્નમાં મહેમાનોની સંખ્યા સીમિત કરવા જેવા નિર્ણય લેવામાં આવ્યા છે.

ભારતમાં હાલ ૫ વૅક્સીનો માર્કેટમાં આવવાની દિશામાં આગળ વધી રહી છે. જેમાંથી ૪ ટ્રાયલના બીજા કે ત્રીજા તબક્કામાં પહોંચી છે, જ્યારે એક પ્રથમ કે બીજા તબક્કામાં છે. ઉલ્લેખનીય છે કે, દેશમાં કોરોના વાઈરસના પોઝિટિવ કેસો છેલ્લા કેટલાક દિવસોથી ૫૦ હજારની નીચે આવી રહ્યાં છે. જ્યારે કેટલાક રાજ્યોમાં સંક્રમિતોની સંખ્યા ઝડપથી વધી રહી છે.

## સતત ચોથા દિવસે પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો

ન્યુ દિલ્હી/અમદાવાદ,

પેટ્રોલિયમ કંપનીઓએ સતત ચોથા દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કર્યો છે. આજે ડીઝલના ભાવમાં ૧૭થી ૧૯ પૈસાનો વધારો થયો છે, જ્યારે પેટ્રોલના ભાવમાં મહત્તમ ૭ પૈસાનો વધારો થયો છે. આ વધારા સાથે દેશનાં ઘણાં શહેરોમાં પેટ્રોલની કિંમત ૯૦ની પાર પહોંચી ગઈ છે. ગુજરાતમાં છેલ્લા ચાર દિવસ દરમિયાન લિટરદીઠ પેટ્રોલના ભાવમાં ૫૦ પૈસા અને ડીઝલમાં ૯૦ પૈસા જેવો વધારો થયો છે. મહારાષ્ટ્રના પરભણીમાં પેટ્રોલ રૂ. ૯૦.૬૩ પ્રતિ લિટર પર પહોંચી ગયું છે, જ્યારે જયપુરમાં ડીઝલ ૮૦ રૂપિયાને પાર કરી ગયું છે. આ પહેલાં રવિવારે પેટ્રોલના ભાવમાં ૮ પૈસા અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૧૯ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો.

અમદાવાદ ખાતે નવા ભાવવધારા બાદ પેટ્રોલનો એક લિટરનો ભાવ રૂ. ૭૮.૯૭ થયો છે. પેટ્રોલ પંપ એસોસિએશનના જણાવ્યા પ્રમાણે, ભાવવધારો ચાલુ રહેશે તો આવતા બે-ચાર દિવસમાં પેટ્રોલનો દર ગુજરાતમાં પણ રૂ. ૯૦ પ્રતિ લિટર થઈ શકે છે. આજે સોમવારે ડીઝલનો રેટ રૂ. ૭૬.૬૭ પ્રતિ લિટર પર પહોંચ્યો છે.

## દિલ્હીમાં ફરીથી લોકડાઉન કરવાની અરજી હાઈકોર્ટે ફગાવી

ન્યુ દિલ્હી,

દેશની રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસના વધતા જતા કેસો વચ્ચે હાઈ કોર્ટે સોમવારે દિલ્હીની અંદર તાત્કાલિક લોકડાઉન કરવાની અરજીને ફગાવી દીધી હતી. દિલ્હી હાઈકોર્ટે આ અરજીની સુનાવણી કરતાં અરજદારને પૂછ્યું હતું કે કોરોના વાયરસના ચેપને રોકવા માટે લોકડાઉન જ એકમાત્ર ઉપાય છે. નોંધનીય છે કે, તાજેતરના સમયમાં દિલ્હીમાં કોરોના વાયરસના દૈનિક કેસોમાં ઝડપથી વધારો થયો છે, જેના કારણે સરકારે તાજેતરમાં કેટલાક બજારોમાં પ્રતિબંધો પણ લગાવી દીધા છે.

આપને જણાવી દઈએ કે, દિલ્હીમાં કોરોના વાયરસના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને કેજરીવાલ સરકારે લગ્ન સમારંભોમાં આવેલા મહેમાનોની સંખ્યા ૨૦૦ થી ઘટાડીને ૫૦ કરવા અને જાહેર સ્થળો પર માસ્ક ન પહેરવા બદલ ૫૦૦ થી ૨૦૦૦ રૂપિયા દંડ વધારવા ઘણા નિર્ણયો લીધા છે. તાજેતરમાં જ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે રાજધાનીમાં કોરોના વાયરસની આ ત્રીજી લહેર છે તે નકારી શકાય નહીં અને સરકાર તેનાથી બચવા તમામ જરૂરી પગલાં લેશે.

દિલ્હીમાં રવિવારે કોરોના વાઈરસના નવા ૬૭૪૬ કેસ નોંધાયા. તેની સાથે રાજધાનીમાં કોરોની દર્દીઓની સંખ્યા વધીને ૫.૨૯ લાખથી વધુ થઈ ગઈ છે.

## દુશ્મનના દાંત થશે ખાટા: તેજસથી થશે ‘અસ્ત્ર’ મિસાઈલનું પરીક્ષણ



ન્યુ દિલ્હી,

ભારતની પહેલી સ્વદેશી હવા માંથી હવામાં પ્રહાર કરનાર મિસાઈલ ‘અસ્ત્ર’નું પરીક્ષણ ટૂંક સમયમાં સ્વદેશી ફાયટર પ્લેન તેજસ દ્વારા કરવામાં આવી શકે છે. હથિયારોની બાબતમાં આ મિસાઈલ દેશના સુરક્ષા દળોનો મુખ્ય આધાર બનશે.

ધ્વનિની ઝડપ કરતા પણ વધુ ઝડપ ૪.૫ મેકની ગતિએ આ મિસાઈલ ચાર ગણી ઉડનારી દ્રશ્ય શ્રેણી હવામાં હવા પ્રહાર કરતી મિસાઈલ છે. તેના ટેસ્ટિંગની તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગુરુવારે વાયુસેનાના એક સૂત્રે જણાવ્યું કે આગામી કેટલાંક મહિનામાં સ્વદેશી ફાયટર પ્લેન તેજસ પર આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવશે.

આ મિસાઈલની સૌથી ખાસ વાર એ છે કે તેને કોઈપણ ઋતુમાં હુમલો કરવાની સટીક ક્ષમતા છે. આ મિસાઈલ દિવસ રાત કોઈ પણ સમયે લગભગ ૧૦૦ કિમિની સ્ટ્રાઈક રેન્જમાં દુશ્મનને ધ્વસ્ત કરી શકે છે, જોકે તેની રેન્જ વધારવાની પણ તૈયારી ચાલી રહી છે. આ મિસાઈલને વાયુસેનામાં સામેલ થઈ ગયા બાદ અત્યંત મોંઘા રશિયન, ફ્રેંસ અને ઈઝરાયલના મ્ફઈછછરની જગ્યા લેશે. જે વર્તમાન સમયમાં ભારતીય વાયુસેનાના ફાઈટર પ્લેન્સ માટે તૈનાત કરવામાં આવે છે.

### કોરોનાનો ખાત્મો નક્કી, ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની વેક્સિને ટ્રાલયમાં કમાલ કર્યો

## આશાનું કિરણ: ઓક્સફોર્ડની કોરોના વેક્સિન ૭૦ ટકા અસરકારક સાબિત થઈ




ન્યુ દિલ્હી,

કોરોના વાયરસની વેક્સિનની રાહ જોઈ રહેલા વિશ્વ માટે વધુ એક સારા સમાચાર છે. ઑક્સફર્ડ – એસ્ટ્રાઝેનેકાની કોવિડ રસી ત્રીજા તબક્કાના ટ્રાયલમાં ૭૦%થી વધારે અસરકારક રહી. સોમવારે બહાર પાડવામાં આવેલા વચગાળાના વિશ્લેષણ મુજબ, જ્યારે બે પ્રકારના ડોઝ એક સાથે મૂકવામાં આવ્યા ત્યારે રસીની અસરકારકતા ૭૦.૪% રહી. સંશોધનકારોના જણાવ્યા અનુસાર અલગ-અલગ કરવા પર રસી ૯૦% સુધી અસરકારક રહી. જ્યારે પ્રથમ ડોઝ ઓછો અને બીજો સામાન્ય હતો ત્યારે રસી વધુ અસરકારક હતી.

એટલે કે, પ્રારંભિક સંકેતો સૂચવે છે કે રસી વાઈરસ ટ્રાન્સમિશન ઘટાડી શકે છે. રસી સલામત પણ મળી આવી છે અને કોઈ સ્વયંસેવકને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી પડી. ભારત માટે આ ખૂબ જ સારા સમાચાર છે કારણ કે સરકાર પ્રથમ આ રસી મેળવવા તરફ આગળ વધી રહી છે. ઑક્સફર્ડ રસી ગ્રુપના ડિરેક્ટર અને ટ્રાયલના ચીફ ઈન્વેસ્ટિગેટર પ્રોફેસર એન્ડ્ર્યૂ પોલાર્ડના જણાવ્યા અનુસાર, “આ પરિણામો દર્શાવે છે કે અસરકારક રસી ઘણા લોકોનું જીવન બચાવી શકે છે.”

તેમણે કહ્યું કે ડોઝની ચાર પદ્ધતિઓમાંની એકમાં રસી ૯૦% સુધી અસરકારક હતી અને જો આપણે આ જ રીત અપનાવીએ તો ઘણા લોકોને રસી આપી શકાય છે. ટ્રાયલમાં જાણવા મળ્યું છે કે જો રસીનો પ્રથમ ડોઝ અડધામાં આપવામાં આવે છે અને બીજો ડોઝ પૂર્ણ તો આ વેક્સિન ૯૦% સુધી અસરકારક છે. ઑક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકા હવે સાથે મળીને રસીના આ વચગાળાના વિશ્લેષણને યુકેમાં ડ્રગ નિયમનકારોની સામે મૂકશે. જો રસીને તાત્કાલિક મંજૂરી મળે છે તો રસી ડિસેમ્બરથી ઉપલબ્ધ થઈ શકે છે. ભારતીય કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા પણ યુકેમાં ઈમરજન્સી મંજૂરીઓને ધ્યાનમાં રાખશે. તેણે એસ્ટ્રાઝેનેકા સાથે રસીના ૧૦૦ મિલિયન ડોઝ પર હસ્તાક્ષર કર્યા છે.

જો યુકેમાં ઈમરજન્સી મંજૂરી મળે છે તો ભારતમાં કંપની રસીના સમાન ડેટાના આધારે કટોકટીની મંજૂરી માટે અરજી કરી શકે છે. જો આવું થાય છે તો ભારતમાં રસી જાન્યુઆરી સુધી ‘કોવિશિલ્ડ’ નામે મળી શકે છે. આ રસીના વચગાળાના વિશ્લેષણ માટે યુનાઈટેડ કિંગડમ, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના ૨૪,૦૦૦ થી વધુ સ્વયંસેવકોના ડેટાબેઝનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ રસી વર્તમાન હેલ્થકેર સિસ્ટમ હેઠળ સરળતાથી વહેંચી શકાય છે, કારણ કે તેનો ૨ થી ૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન પર સંગ્રહ કરવો પડે છે. એક નિવેદનમાં ઑક્સફર્ડે કહ્યું કે ૧૦થી વધુ દેશોમાં રસીના ઉત્પાદનનું કામ ચાલી રહ્યું છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં રાજકીય પક્ષો સાથે બેઠક યોજતું જિલ્લા ચૂંટણી તંત્ર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી મતદાર યાદી અને મતદાન મથકો બાબતે આજે સેવા સદન ખાતે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે જિલ્લા ચૂંટણી અધિકારી વિજય ખરાડીએ બેઠક યોજી હતી.

રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને માહિતી આપી કે, ગત્ત તારીખ ૯ના રોજ દાહોદ જિલ્લાની મતદાર યાદીનો મુસદ્દો પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જેની નકલ તમામ માન્ય રાજકીય પક્ષોને મોકલવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું કે, દાહોદ જિલ્લામાં ૧૬૬૧ મતદાન મથકો આખર કરવામાં આવ્યા છે. જે પૈકી કુલ ૩૮ મતદાન મથકોમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. તેમાંથી ૧૬ મતદાન મથકોને તેના જૂના સ્થાનથી નજીકના અન્ય સ્થાને ફેરવવામાં આવ્યા છે. આવા મતદાર મથકોમાં ઝાલોદ અને લીમખેડામાં ૨-૨, દાહોદમાં સાત, ગરબાડામાં ચાર અને દેવગઢ બારિયા તાલુકામાં એક મથકનો સમાવેશ થાય છે.

એજ પ્રકારને કુલ ૨૨ મતદાન મથકો એવા છે કે જેનામાં સ્થળે બીજા ઓરડામાં ફેરવવામાં આવ્યા છે. તેમાં ફતેપુરામાં નવ, દાહોદ અને ગરબાડામાં ૩-૩ અને દેવગઢ બારિયામાં સાત મતદાન મથકોનો સમાવેશ થાય છે.

જિલ્લા ચૂંટણી અધિકારીએ ઉમેર્યું કે, તા.૯ની સંકલિત મતદાર યાદીનો મુસદ્દો પ્રસિદ્ધ થવાની સાથે ૦૧-૦૧.૨૦૨૧ની લાયકાતના ધોરણે ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. એટલે કે, એ તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાનો પોતાનું નામ મતદાર યાદીમાં દાખલ કરવા માટે અરજી કરી શકશે. તેમણે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને મતદારયાદી સુધારણા કાર્યક્રમ બાબતે જાગૃતિ લાવવા અનુરોધ કર્યો હતો. આ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી ઓનલાઇન સુવિધાની માહિતી પણ આપવામાં આવી હતી. સાથે, મતદાન મથકો દીઠ રાજકીય પક્ષ તરફથી નિમણૂક કરવાના થતાં બૂથ લેવલ એજન્ટ્સની ઝડપથી નિમણૂક કરવા માટે જણાવ્યું હતું.

અત્રે નોંધવું જોઇએ કે, દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગત્ત રવિવારે બૂથ કક્ષાએ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બીએલઓ પોતાના બૂથ ઉપર આખો દિવસ રહી મતદારો પાસેથી ફોર્મ સ્વીકાર્યા હતા. જેમાં નવા નામ માટે ૬ નંબરના ફોર્મ કુલ ૫૨૩૭, નામ કમી કરાવવા માટે સાત નંબર ફોર્મ કુલ ૬૪૬, મતદાર યાદીમાં સુધારા વધારા માટેના ફોર્મ નંબર ૮ કુલ ૧૦૨૭ અને સ્થળાંતર માટેના કુલ ૧૫ મળી ૭૦૬૧ ફોર્મ રવિવારે તંત્રને મળ્યા છે.

આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એન. જી. કુંપાવત, ભારતીય જનતા પક્ષના સુધીરભાઈ લાલપુરવાળા, સીપીએમ તરફથી કનુભાઇ ડામોર ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ LCB પોલીસે વિવિધ ગુન્હાના ૮ આરોપીઓને ઝડપી પાડયા

દાહોદ, દાહોદ એલ.સી.બી. પોલીસે જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ ગુન્હાઓમાં સંડોવાયેલ ૮ જેટલા આરોપીઓને અલગ અલગ જગ્યાએ કોમ્બીંગ હાથ ધરી તેમજ મળેલ બાતમીના આધારે આ આઠેય નાસતાં ફરતાં વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડી જેલ ભેગા કર્યાનું જાણવા મળે છે.

નાસતા ફરતાં ઝડપી પાડવામાં આવેલ આરોપીમાં પ્રથમ ખુનની કોશીષ અને રાયટીંગના ગુનામાં નાસતા (૧) ગદેસિંગભાઈ ભારતાભાઈ પલાસ અને (૨) કોલેશભાઈ મડીયાભાઈ પલાસ (બંન્ને રહેવાસી. આંબલી ખજુરીયા, સીમોડા ફળિયા, તા.ગરબાડા, જિ.દાહોદ)ને દાહોદ એલ.સી.બી.પોલીસે તેમના આશ્રય સ્થાને ગત તા.૨૧મી નવેમ્બરના રોજ મળેલ બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા. આ બંન્ને આરોપીઓ તહેવારની ઉજવણી અર્થે પોતાના ગામમાં આવ્યા હોવાની એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી.

નાસતા ફરતાં આરોપીઓમાં ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ એવો આરોપી જસીયાભાઈ વરસીંગભાઈ ભાભોર (રહે.વરમખેડા, તા.જિ.દાહોદ) પણ તેના આશ્રય સ્થાનેથી પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૨૨મી નવેમ્બરના રોજ ઝડપી પાડ્યો હતો.

આણંદ તેમજ ખેડા જિલ્લામાં બનેલ ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ સંજયભાઈ ભરતભાઈ પારસીંગભાઈ ભાભોર અને દિલીપભાઈ રતનાભાઈ નારસીંગભાઈ ભાભોર (બંન્ને રહે.છરછોડા, સરપંચ ફળિયુ, તા.ગરબાડા, જિ.દાહોદ) ને તેમના આશ્રય સ્થાનેથી ગત તા.૨૨મી નવેમ્બરના રોજ ઝડપી પાડી તેઓની પાસેથી ચોરીના ચાંદીના પાયલ, રોકડા રૂપીયા, ચાંદીના નવી કંઠી વિગેરે મળી કુલ રૂા.૭૦૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રોહીબીશનના ગુન્હામાં નાસતાં ફરતો આરોપી મુકેશભાઈ રૂપસીંગભાઈ બીલવાળ (રહે. કાંકરીડુંગરી, તા.લીમખેડા, જિ.દાહોદ)ને પણ પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૨૧મી નવેમ્બરના રોજ તેના રહેણાંક વિસ્તારમાંથી ઝડપી પાડી જેલ ભેગો કર્યો હતો.

ત્યારે બીજી તરફ આવશ્યક ચીજવસ્તુ ધારાના ગુન્હામાં છેલ્લા કેટલાક સમયથી નાસતા ફરતાં આરોપી (૧) પારસીંગભાઈ જગજીભાઈ સંગાડા તથા (૨) પ્રવિણભાઈ પારસીંગભાઈ સંગાડા (બંન્ને રહેવાસી. ધાણીખુંટ, કવોરી ફળીયું, તા. ફતેપુરા, જિ.દાહોદ) ને પણ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૨૨મી નવેમ્બરના રોજ તેમના રહેણાંક વિસ્તારમાંથી ઝડપી પાડ્યા હતા.

# કોરોનાથી બચવા માસ્ક-સામાજિક અંતર જેવી પાયાની વાતોનું અનિવાર્યપણે પાલન કરવાની અપીલ કરતાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી



દાહોદ, દાહોદ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડો. આર.ડી. પહાડીયાએ કોરોના સામે બચાવ માટે માસ્ક, વારંવાર હાથ ધોવા અને સામાજિક અંતર જાળવવા જેવી પાયાની વાતોનું ચુસ્ત પાલન કરવું ખૂબ જરૂરી હોવાનું જણાવ્યું છે. તેમણે નાગરિકોને અપીલ કરતા જણાવ્યું છે કે તહેવારો બાદ કોરોના સંક્રમણ વધ્યું હોય આ પાયાની વાતોનું પાલન કરીને કોરોના મહામારીથી બચી શકાય છે.

તેમણે જણાવ્યું કે, કોરોનાના કેસોમાં ફરીથી ઉછાળો આવ્યો છે ત્યારે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવાનું છે. આ સમયે જાહેર પરીવહનના સાધનોનો ઉપયોગ કરીને મુસાફરી કરવી પણ જોખમી હોય મુસાફરી કરવાની પણ બને તેટલી ટાળવી જોઇએ. આ સમયે વડીલોની ખાસ કાળજી રાખવી જરૂરી છે. તેમને હોમ આઈસોલેશનમાં રાખી શકાય તો વધુ સારૂ છે. જેથી કરીને તેમને કોરોના સંક્રમણથી બચાવી શકાય.

આ સમયે એ ખૂબ મહત્વનું છે કે વ્યક્તિને શરદી-ઉધરસ-તાવ જેવા કોરોનાના કોઇ પણ લક્ષણ જણાય તો તુરત જ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોનાનો ટેસ્ટ કરાવી લે. કોરોના સામે ટેસ્ટ ઈઝ બેસ્ટ. જેટલી વહેલી તકે આ બિમારીને જાણી શકાશે એટલી જ જલદી ઈલાજ પણ થઈ શકશે અને અન્ય લોકોને ચેપ લાગતા પણ રોકી શકાશે.

# લીમખેડાના બાંડીબાર ગામે રહેણાંક મકાનમાંથી ૨.૩૨ લાખ નો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ, ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દેવગઢ બારીઆ બાદ લીમખેડા તાલુકાનાનાની બાંડીબાર ગામે ધામા નાંખી મોટે પાયે વિદેશી દારૂનો વેપલો કરતાં એક રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા અને જેમાં એકની ધરપકડ કરી સ્થળ પરથી વિદેશી દારૂની નાની મોટી બોટલો મળી કુલ રૂા.૨,૩૨,૮૫૦ના મુદ્દામાલ જપ્ત કરી ચાર જણા વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી પોલીસે ફરાર ત્રણના ધરપકડાન ચક્રોગતિમાન કર્યા છે.

નાની બાંડીબાર ગામે વણકરવાસમાં રહેતા રત્નાભાઈ કોયાભાઈ વણકર પોતાના રહેણાંક મકાનમાં કાળુભાઈ રત્નાભાઈ કોયાભાઈ વણકર, દેવાભાઈ ઉર્ફે વેંન્દ્રભાઈ રત્નાભાઈ કોયાભાઈ વણકર અને વિદેશી દારૂનો જથ્થો પુરો પાડી આપનાર ઈસમ મળી આ ચાર વ્યક્તિઓ એકબીજાના મેળાપીપળામાં રત્નાભાઈના મકાનમાં વિદેશી દારૂનો મોટા પાયેલ વેપલો કરતો હોવાની દેવગઢ બારીઆ સ્ટેટ મોનીટરીંગ સેલ,ગાંધીનગરની ટીમને બાતમી મળી હતી. આ બાતમીના આધારે ગત તા.૨૨મી નવેમ્બરના રોજ આ રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં નાસભાગના મચી જવા પામી હતી અને પોલીસે રત્નાભાઈ કોયાભાઈ વણકરને ઝઢપી પાડ્યો હતો. મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ બીયરની કુલ બોટલો નંગ.૨૫૭૯ કિંમત રૂા.૨,૧૫,૫૫૦, એક મોબાઈલ ફોન કિંમત રૂા.૫૦૦, રોકડા રૂપીયા ૧૬,૮૦૦ એમ કુલ મળી રૂા.૨,૩૨,૮૫૦ના મુદ્દામાલ સાથે ફરાર ત્રણ વિરૂધ્ધ પણ પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદના રાબડાળ ગામે ST બસે બાઈકને અડફેટે લેતાં બે પૈકી એકનું મોત

દાહોદ, દાહોદ તાલુકાના રાબડાળ ગામે એક એસ.ટી.બસના ચાલકે પોતાના કબજાની એસ.ટી.બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી એક મોટરસાઈકલને અડફેટમાં લેતાં મોટરસાઈકલ પર સવાર બે પૈકી એકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાનું જાણવા મળેલ છે.

ગત તા.૨૨મી નવેમ્બરના રોજ દાહોદ શહેરની સિધ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા રવિભાઈ અને નરેન્દ્રભાઈ હિરાલાલ યાદવ (ઉ.વ.૨૫) આ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ રાબડાળ ગામેથી હાઈવે રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન એક એસ.ટી.બસના ચાલકે પોતાના કબજાની એસ.ટી.બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આ મોટરસાઈકલને અડફેટમાં લેતા રવિભાઈ અને નરેન્દ્રભાઈ બંન્ને જમીન પર ફંગોળાયા હતા અને જેને પગલે નરેન્દ્રભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને તેમની સાથે રવિભાઈને પણ શરીરે,હાથે પગે વિગેરે ઈજાઓ પહોંચતા બંન્નેને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જેમાં નરેન્દ્રભાઈની ગંભીર જીવલેણ ઈજાઓને પગલે તેઓનું સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે દાહોદ સિધ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા કિશોરભાઈ કાનિયાભાઈ ગણાવાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ, દાહોદમાં આજે તારીખ ૨૩મી નવેમ્બરના રોજ વધુ ૧૬ કોરોના પોઝીટીવ દર્દીઓનો સમાવેશ થવા પામ્યો છે. આ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૦૭૦ ને આંબી ચુક્યો છે.

આર.ટી.પી.સી.આર. ના ૪૫૭ પૈકી ૦૯ અને રેપીટ ટેસ્ટના ૧૨૩૨ પૈકી ૦૭ મળી ૧૬ કોરોના દર્દીઓનો આજે વધુ સમાવેશ થયો છે. આ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧૦, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૨ દર્દીઓએ હોસ્પિટલમાંથી રજા લેતાં એક્ટીવ કેસ ૧૬૫ રહેવા પામ્યા છે અત્યાર સુધી કોરોનાથી કુલ ૭૬ દર્દીઓ પોતાનો જીવ ગુમાવી બેઠા છે.

# દે.બારીઆ "આહાર" સંસ્થા થકી નૂતન વર્ષની અનોખી ભેટ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ, દે.બારીઆની આહાર સંસ્થા જે તમામ સેવાભાવિ સંસ્થાને આહાર સંસ્થાનું અનુકરણ કરવું જોઈએ. એ મારો એટલે પંચમહાલ સમાચારના સ્થાનિક પ્રતિનિધિનું માનવું છે. જેનું મુખ્ય કારણ લાભાર્થીઓને કયા પ્રકારની જરૂરીયાત છે અને કયા લાભાર્થીને કયા પ્રકારની મદદરૂપ બનવું અને સમય મર્યાદાની અંદર ઝડપી અને સારી મદદ મળી રહે તેના માટે હરહંમેશ પ્રયત્નશીલ રહેતા આહાર ટ્રસ્તના પ્રેસીડેન્ટ નિકુંજભાઈ સોની જેઓ ગરીબ કચડાયેલા વર્ગ, ત્યકતા, વિધવા, નિઃસહાય લોકો માટે હરહંમેશ પોતાનું આયુષ્ય સેવા કરવા માટે સમર્પણ કરી દીધું છે.

પ્રાપ્ત માહિતી મુજબ નૂતન વર્ષ તા.૧૬/૧૧/૨૦૨૦ સોમવારના રોજ સવારે ૧૦ કલાકે આહાર ટ્રસ્ટના પટાંગણમાં એક ભવ્ય પ્રોગ્રામ રાખવમાં આવ્યો હતો. જેમાં ૧૫૦ લાભાર્થીઓને તે શુભ દિવસનું ભોજન પુરી-શાક, દાળ-ભાત, રોટલી, ખમણ, બુંદી સાથે રસગુલ્લા કુસુમબેન પ્રમોદરાય પરીખના કુટુંબીજનોના તરફથી હતો. સાથે તમામ લાભાર્થીઓના બાળકોને નોટબુક, ફુલઝળીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ (૫૬) છપ્પન જેટલા નગર પાલિકાના સફાઈ કર્મીઓને ગરમ ધાબડા સાથે રૂા.૫૦/- રોકડ રકમ રાજવી કુટુંબના કનીકાદેવી તેમજ મેઘાબેન અમીશભાઈ સોનીના શુભ હસ્તે લાભાર્થીઓને નૂતન વર્ષના નવા વર્ષના બેસતા વર્ષમાં ગરીબોને મળતા હર્ષ અને ઉલ્લાસ શહેરમાં વસતા ગરીબો માટે ખૂબ મોટી વાત ગણવામાં આવી હતી.

# વડોદરાથી સુરત જઈ રહેલી ૫ કાર એકબીજા સાથે ટકરાતા ગમખ્વાર અકસ્માત

વડોદરા, કોરોનાના કેસમાં વધારો થતા રાજ્ય સરકારે અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતમાં રાત્રી કરફ્યૂ લાગુ કર્યો છે, ત્યારે દિવાળીની રજાઓ માણવા બહાર ગામ ગયેલા લોકો હવે પાછા પોતાના ઘરે પરત ફરી રહ્યાં છે. જેથી હાઈવે પર વાહનોની અવર-જવર વધતા ટ્રાફિક જામ સર્જાઈ રહ્યો છે. નેશનલ હાઈવે - ૮ પર વડોદરાથી સુરત તરફ જતા વાહનો પૈકી સુરત પાસીંગની પાંચ કાર એક બીજા સાથે તકરાતા અકસ્માત થયો હતો. આ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો. રજાના દિવસોમાં સામાન્ય રીતે ગુજરાતીઓ નજીકના સ્થળોએ ફરવાનું પસંદ કરતા હોય છે. તહેવાર બાદ કોરોના વકરતા રાજ્યના મહાનગરોમાં સરકારે રાત્રે ૯ થી સવારે ૬ કલાક સુધી રાત્રી કરફ્યૂ લગાવ્યું છે, ત્યારે નેશનલ હાઈવે - ૮ નજીક વડોદરાથી સુરત તરફ જવાના રસ્તે કરજણ પાસે આ અકસ્માત થયો હતો. કરજણ હાઈવે સ્થિત સેવાસદન ચોકડી બ્રિજ પાસે એક સાથે પાંચ ગાડીઓનો અકસ્માત સર્જાતા કરજણ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ટ્રાફીકના નિયમન સહિતની કાર્યવાહી શરૂ કરી દીધી હતી. તમામ ગાડીઓ સુરતની હતી. કરજણ સેવાસદન ચોકડી બ્રીજ પાસે અચાનક વાહન ચાલકે રોડ ક્રોસ કરતા પાછળથી આવી રહેલી કારે બ્રેક મારી અને એક બાદ એક પાંચ લક્ઝુરીયસ કાર એક બીજા સાથે અથડાઈ હતી. જોકે, આ અકસ્માતમાં સદનસીબે કોઈને ઈજા પહોંચી ન હતી.

# દે.બારીઆના રામ ગામે ખેડુતો ઉપર દિપડાએ હુમલો કરતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો

દે.બારીઆ, દે.બારીઆ તાલુકાના રામ ગામે ખેતરે જઈ રહેલા ખેડુત પર દિપડાએ હુમલોદ કરતા તેને ગંભીર હાલતમાં દે.બારીઆ ખાતેની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

દે.બારીઆ તાલુકામાં દિપડાના હુમલાઓ યથાવત રહેવા પામ્યા છે. તાલુકાનુ રામા ગામ જે પાનમ નદીને કાંઠે, નાથુડી, ચેનપુર અને ઉંચવાણ ગામના જંગલ વિસ્તાર તથા ડુંગરી વિસ્તારને અડીને આવેલ છે. રામા ગામના ટાંડી ફળિયાના ભારત જીતા જાતે લબડા જંગલ વિસ્તારમાં આવેલ પોતાના ખેતરમાં જતો હતો અને આ સમયે ઓચિંતા ખેતરો તરફથી એક દિપડાએ હુમલો કરતા ભારત જીતા લબડા નીચે પડી ગયો હતો. દિપડાએ છાતીના ભાગે તથા માથાના પાછળના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. દિપડાએ હુમલો કર્યો અને આજુબાજુના લોકોએ બુમાબુમ કરતા દિપડો ડુંગર તરફ ભાગી ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલ ભારત જીતા લબડાને દે.બારીઆ સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બનાવની જાણ થતાં દે.બારીઆ વનવિભાગના કર્મચારીઓ પણ બનાવવાળી જગ્યાએ દોડી આવ્યા હતા. આર.એફ.ઓ.પુરોહિતનાઓની સુચનાથી અહિં આખા વિસ્તારમાં માણસોએ સાવચેતી રાખી એકલા ખેતરમાં નહિ જવાની સુચના અપાઈ છે.

# ફતેપુરા તાલુકા પંચાયત કોંગ્રેસના મહિલા સભ્યનું હાર્ટ અટેક આવતા મોત

ફતેપુરા, ફતેપુરા તાલુકા પંચાયતના કોંગ્રેસના મહિલા સભ્ય કાળી બેન વેચાતભાઈ ચમાર નું હાર્ટ એટેક આવત મૃત્યુ થયુ હતું. ફતેપુરા તાલુકા પંચાયતના કરોડિયા પૂર્વ તાલુકા પંચાયતના મહિલા કોંગ્રેસના સભ્ય કાળીબેન બેન વેચાતભાઈ ચમારને રવિવારના રોજ સાંજના આશરે ૬:૩૦ કલાકે હાર્ટ એટેક આવતા મૃત્યુ થવા પામેલ છે. તેઓની અંતિમયાત્રા આજરોજ સોમવારના ૧૧:૦૦ કલાકે નીકળતા તેઓને અંતિમયાત્રામાં તાલુકા પંચાયતના કોંગ્રેસના તમામ સભ્યો તેમજ કોંગ્રેસના આગેવાનો કરોડીયા પૂર્વ ગ્રામ પંચાયતના સરપંચ હિતેશભાઈ કલાલ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી ઘનશ્યામભાઈ મછાર સહિત ગ્રામજનો હાજર રહ્યા હતા. કાળીબેન ચમાર કરોડિયા તાલુકા પંચાયત સીટ પરથી છેલ્લા પાંચ વર્ષથી તાલુકા પંચાયતના સભ્ય તરીકે ની સેવા આપતા હતા. તેઓનું અકાળે મૃત્યુ થવાથી પરિવારમાં માતમ છવાયો હતો. તેમના નિવાસસ્થાનથી અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી.

# વડાપ્રધાન મોદીએ ૨૧૩ કરોડના ખર્ચે બનેલ સાંસદો માટેના નવા ફ્લેટ્સનું ઉદ્ઘાટન કર્યું



ન્યુ દિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં સાંસદો માટે બનેલા ૭૬ ફ્લેટ્સનું ઉદ્ઘાટન કર્યું. મોદીએ કહ્યું કે આપણા લોકસભા અધ્યક્ષ ક્વોલિટી અને બચતમાં વિશ્વાસ રાખે છે. સદનની અંદર પણ તેઓ એ વાતનું ધ્યાન રાખે છે કે ક્વોલિટી યથાવત રહે. મોનસૂન સત્રમાં પણ એ જોવા મળ્યું છે. આ વખતે ૪૦૦થી વધુ સાંસદ પ્રથમ વખત કે બીજી વખત ચૂંટાઈને પહોંચ્યા છે. દેશનો આ વિચાર, આ નવો મિજાજ સંસદની રચનામાં જોવા મળે છે.

મોદીએ કહ્યું દિલ્હીમાં ઘણા પ્રોજેકટસ વર્ષોથી અધુરા હતા. સમસ્યાઓ ટાળવાથી નહિ પરંતુ સમાધાન શોધવાથી પૂર્ણ થાય છે. આજના કામકાજમાં નવી રીત જોવા મળે છે. અગાઉની ૧૬ લોકસભાની સરખામણીમાં ૧૭મીએ ૧૫ ટકા વધુ બિલ પાસ કરાવ્યા. ૧૩૫ ટકા કામ કર્યું. અગાઉની ઠંડીમાં પણ લોકસભાની પ્રોડક્ટિવિટી ૧૧૦ ટકા વધુ રહી. સાંસદોએ પ્રોડક્ટ અને પ્રોસેસનું ધ્યાન રાખ્યું. લોકસભા અને રાજ્યસભા બંનેના સાંસદોએ તેની ખૂબ ધ્યાન રાખ્યું.

વડાપ્રધાને આગળ કહ્યું કે દેશની મહિલાઓને ત્રણ તલાક જેવી બદીઓમાંથી આઝાદી અપાવી છે. માસૂમ બાળકીઓ પર દુષ્કર્મ કરનારાઓ માટે મૃત્યુદંડનો પ્રાવધાન લાવવામાં આવ્યો છે. આ સિવાય નાગરિકતા સંશોધન કાયદો, બેંક્રપ્સી કોડ પણ પાસ કરવામાં આવ્યો છે. ઘણા લોકોએ ધ્યાન આપ્યું નથી કે લોકસભામાં ૬૦ ટકાથી વધુ બિલ એવા હતા, જેમાં ૨-૩ કલાક ચર્ચા થઈ હતી. ૧૭મી લોકસભામાં આનાથી વધુ બિલ પાસ કરવામાં આવ્યા અને વધુ ચર્ચાઓ થઈ. એમ કહેવાય છે કે યુવાઓ માટે ૧૬, ૧૭, ૧૮ની ઉંમર ખૂબ જ મહત્વની હોય છે. આ ઉંમર કોઈ યુવા લોકશાહી માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. અમે તાજેતરમાં જ ૧૬મી લોકસભાનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે. આ સમય ખૂબ જ ઐતિહાસિક રહ્યો. ૨૦૧૯માં ૧૭મી લોકસભાનો કાર્યકાળ શરૂ થયો. અમે તેમાં જે પગલાઓ લીધા તેનાથી ઈતિહાસ બન્યો છે

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 78

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગુજરાતના મહાનગર પાલિકાની જેમ

# ગોધરામાં અફવાનું બજાર ગરમ થઈને રાતો રાત કરફ્યુ લાગુ પડવાની ગરમાહટ

ગોધરા,

ગુજરાતના મહાનગર પાલિકામાં રાત્રે કરફ્યુ લાગુ કરવામાં આવતા અનેક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. જેના પગલે અગામી સમયમાં પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં કરફ્યુ લાગુ કરવાની દહેશત વચ્ચે અફવાનું બજાર થયું હતું. રાતોરાત બસ સ્ટેન્ડ વિસ્તાર, સોનીવાડ તથા અન્ય વિસ્તારોના વેપારીઓએ પોતાનું શટર બંધ કરી હોવાનું જાણવા મળે છે. આવા પોલીસના દમણગીરી વચ્ચે કામ ધંધા બંધ કરાતા શટર બંધ કરાતા વેપારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી. અગામી સમયમાં તેઓ પોતાનો વેપાર રોજગાર ચાલુ થશે કેક્મ એ શંકાનો પ્રશ્ન છે. વેપારીઓ તથા ગ્રાહકો વચ્ચે અસમંજશ સર્જાયો છે.

ગોધરા શહેરમાં પોલીસ દ્વારા બગીચા રોડ ઉપર ઉભી રહેતી નાસ્તાની લારીઓ તેમજ ચબુતરા વિસ્તારની ચાની લારીઓને પોલીસ દ્વારા હટાવી લેવડાવવામાં આવી. પોલીસ દ્વારા નાના ધંધાદારીઓના ધંધા-રોજગાર બંધ કરવામાં આવ્યા. ગોધરા નગરમાં લોકડાઉનની અફવા એ જોર પકડયું છે.

ગુજરાત રાજયમાં દિવાળીના તહેવારમાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થતાં રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ શહેરમાં ૬૦ કલાકનો કરફ્યુ લગાડવામાં આવ્યો હતો. જ્યારે રાજયના અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા શહેરમાં રાત્રીના ૯ થી સવારના ૬ વાગ્યા સુધીનો કરફ્યુની જાહેરાત કરવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમિત કેસ ઓછા હોવાથી પંચમહાલ જીલ્લા કલેકટર દ્વારા રાત્રી કરફ્યુ જેવી કોઈ જરૂરીયાત નથી. તેમ જણાવવામાં આવ્યું હતું. ત્યારે ગોધરા શહેર પોલીસ દ્વારા આજરોજ મોડી સાંજે ચબુતરા સામે તળાવ પાસે ઉભી રહેતી ચાની લારીઓ તેમજ બગીચા રોડ ઉપર ઉભી રહેતી નાસ્તા અને ચાઈનીઝ લારીઓ બંધ રાખવા સુચન કરવામાં આવ્યું છે. કોરોના કાળના કપરા દિવસોમાં ધંધા રોજગાર બંધ રહેતા આર્થિક સંકળામણ માંથી માંડ નાના ધંધાદારીઓ બહાર આવવા મથી રહ્યા છે. ત્યારે ગોધરા શહેરમાં જીલ્લા કલેકટરના આદેશ કે સુચન વગર એ ડીવીઝન પોલીસ દ્વારા ચા-નાસ્તાની લારીઓ ધરાવતા ધંધાદારીઓના ધંધાઓ બંધ કરવામાં આવ્યા છે. ગોધરા શહેરમાં પોલીસ દ્વારા મોડી સાંજે ચા-નાસ્તાની લારીઓ બંધ કરાવતા શહેરમાં લોકડાઉનની અફવા એ જોર પકડયું છે. લોકોમાં લોકડાઉનનો ભય સતાવવા લાગ્યો છે.

### પોલીસની દમણગીરી વચ્ચે ગોધરાના નાસ્તા અને ચાની લારીઓ તથા છુટક વેપારીઓમાં રોષની લાગણી

ગુજરાતના અમદાવાદ, વડોદરા, રાજકોટ તથા સુરત જેવા મહાનગર પાલિકાઓમાં મેયરો દ્વારા એકાએક કોરોના સામે લડત આપવા માટે કરફ્યુ લાગુ કરવામાં આવીને બસો તથા લોકોનું જીવનધોરણ સ્થિર કરી નાખ્યું છે. આવા સમયે પંચમહાલ જીલ્લામાં પણ આગામી સમયમાં કોરોનાની મહામારી વધુ ન ફેલાય તે માટે પોલીસ તંત્ર અને આરોગ્ય તંત્ર સજાગ બનીને નાસ્તા, ચાની લારીઓ તથા અન્ય દુકાનોને બંધ કરવાની તજવીજ હાથ ધરી છે. એક સમયે દિવાળી જેવા મોટો તહેવારનો સમય ચાલી રહ્યો છે. અને પોતાની રોજગારીની એક પૂરક તહેવાર ગણાય છે. તેવા સમયે એ ડીવીઝન પોલીસ રાતોરાત પોલીસની દમણગીરી વર્તાતા વ્યાપારીઓમાં પણ ફફડાટની લાગણી વચ્ચે પોતાના કામ ધંધા બંધ કરીને પોતાના ઘરે જતા આર્થિક નુકશાન થતાં સરકારની નીતિ સામે રોષની લાગણી વ્યાપી હતી.

- છેલ્લા કેટલાક સમયથી કોરોનાના કેસ વધતા રાજ્ય સરકાર ચિંતીત.
- સંક્રમણ ન વધે તે માટે આરોગ્ય તંત્ર એ લીધેલું મહત્વનું પગલું.
- ગોધરા શહેરમાં પણ લોકડાઉન હોવાની શકયતાઓને લઈને શહેરીજનો ચિંતીત.
- વેપારીઓએ એકાએક પોતાના કામ ધંધા બંધ રાખ્યા.
- પોલીસ ની ગોધરા શહેરમાં દમણગીરી.
- રાતોરાત કામ ધંધા બંધ કરીને પોતાના ઘરે જવાનો વારો આવતાં પોલીસની કામગીરી સામે રોષ.
- પોલીસે આવા સમયે મદદરૂપ થવાને બદલે ભયની લાગણી ફેલાવતા હોવાની ચર્ચા.

### પંચમહાલમાં લોકડાઉનની આશંકા...

છેલ્લા છ મહિના વચ્ચે કોરોનાના મહામારી વચ્ચે આરોગ્ય તંત્ર દ્વારા કોરોનાની મહામારીને નાથવા માટે અનેક પ્રયત્નો કર્યા છે. આવા સમયે પોલીસ તંત્ર દ્વારા પણ ચુસ્તપણે અમલ કરાઈ રહ્યો હતો. વડોદરા, અમદાવાદ, રાજકોટ તથા સુરતના રાત્રીના સમયે કરફ્યુ લાગુ કરવામાં આવીને એક પ્રકારનો ભયનો માહોલ સર્જયો છે. તેવા સમયે પંચમહાલમાં અગામી સમયમાં આવી મહામારીને નાથવા માટે પોલીસ તંત્ર તથા વહીવટી તંત્ર જાણે સજાગ રહીને પંચમહાલમાં લોકડાઉન લાગુ કરવા માટે પણ સક્રિય પણે સભાન છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૦૩૨ થયો

- ૧૩ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૬૭.
- મૃત્યુ આંક - ૧૨૧.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૦૩૨ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૮, હાલોલ-૧૧, કાલોલ-૦૫, શહેરા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

### ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે વચલા ઓઢા મુસ્લિમ સોસાયટીમાં થી ગૌમાંસનો જથ્થો ઝડપી પાડયો હતો

ગોધરા,


ગોધરા શહેર બી ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે ગોધરા શહેરના વચલા ઓઢા મુસ્લિમ એ સોસાયટીમાં આવેલા એક રહેણાંક મકાનમાં ગૌવંશની કતલ કર્યા બાદ માસનો જથ્થો રાખવામાં આવ્યો છે. જેના આધારે પોલીસે તપાસ કરતા પ્લાસ્ટિકના મિનીયા થેલા માંથી માસનો જથ્થો મળી આવ્યો હતો, જેને લઈને પોલીસ દ્વારા ગૌમાંસ હોવાની પુષ્ટિ કરવા માંસનો જથ્થો કબજે લેવામાં આવ્યો હતો. પોલીસે ઘરમાંથી કુહાડી, માંસ કટિંગ કરવાનું એક મશીન તેમજ બાઈક મળી કુલ રૂા. ૨૨૧૪૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે કસાઈ વાડા ના એક રહેણાક મકાનમાંથી ગૌમાંસનો જથ્થો ઝડપી પાડયો હતો

ગોધરા,

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે ગોધરા શહેરના દારૂલ સલામ મસ્જિદના ઢાળમાં કસાઈવડામાં એક મકાનમાં ગૌવંશની કતલ કરી તેના માંસનો જથ્થો રાખવામાં આવ્યો છે. જેના આધારે પોલીસે બાતમી મુજબની જગ્યાએ નીશાર હુસેન નોળિયાના ઘરમાં રેડ કરી હતી. જેમાં ઘરમાંથી ૫૦ કિલો ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૩ કુહાડી એક વજન કાંટો તેમજ માંસનો જથ્થો કબજે કર્યો હતો, પોલીસની રેડ દરમ્યાન ફરહાન બુઢા અને મુસ્તાક સિકંદર બુઢા ઝડપાઇ ગયો હતો. જયારે નિશાર હુસેન નોળિયો, મકબૂલ નિષાર દુલ્લી અને અક્રમ હયાત અંધારામાં પોલીસને ચકમો આપી નાસી ગયા હતા, પોલીસે તમામ પાંચ ઈસમો સામે શહેર બી ડિવિઝન પોલીસમથકે પશુ સંરક્ષણ અધિનિયમ કાયદા મુજબ ગુનો નોંધ્યો હતો.

### પંચમહાલ જિલ્લા અને ગોધરાનું ગૌરવ વધારતી રાજવી શાહ



ગોધરા,

ગોધરા શહેરની દિકરી શાહ રાજવી દક્ષેસભાઈએ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગરમાં હોમ લેન્ડ સિક્યુરિટી એન્કાઉન્ટર ટેરેરીઝમ કોર્સમાં એમ.એસ.સી.પુર્ણ કરી ફર્સ્ટ કલાસ વિથ ડીસ્ટિંકસન મેળવી ઉજ્જવળ કારકિર્દી અને ઉચ્ચ જીવન ધોરણ સોપાનો સર કર્યા હતા. આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા રાજવી શાહે દેશની સુરક્ષા, દેશમાં ક્રાઈમ કેવી રીતે ઘટાડી શકાય તે વિશે અભ્યાસ પુર્ણ કરી ટ્રેનિંગ મેળવી ફર્સ્ટ કલાસ મેળવ્યો છે. ત્યારે રાજવી શાહે આ સિદ્ધિ મેળવતા પરિવાર સહિત ગોધરા શહેર અને પંચમહાલ જિલ્લાનુ નામ રોશન કર્યુ છે.

### ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે લિલેશરા ગામની સીમ નજીકથી ૧૨ જેટલા ગૌવંશને કતલ થતાં બચાવી લીધા



ગોધરા,

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે ગોધરા નજીક આવેલ લિલેશરા ગામની સીમમાં આવેલા કોતરોમાં ગૌવંશને કતલના ઈરાદે બાંધી રાખ્યા છે. જેના આધારે પોલીસે બાતમી મુજબની જગ્યાએ રેડ કરતા ઝાડીઓમાંથી ઘાસચારો કે પીવાના પાણીની સગવડ વિના ગળા અને પગના ભાગે ટૂંકા દોરડા વડે ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં ૧૨ જેટલા બળદ મળી આવ્યા હતા. પોલીસ દ્વારા તમામ ગૌવંશને ઉગારી લેવામાં આવ્યા હતા, અને બાદમાં પાંજરાપોળ ખાતે મોકલવાની તજવીજ હાથ ધરી હતી જ્યારે મહેફુજ યાકુબ હયાત અને શબ્બીર યાકુબ હયાત સામે શહેર બી ડિવિઝન પોલીસમથકે પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તેઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

### મોરવા(હ)ના મામલતદારે વૃક્ષો કાપી રસ્તો બનાવવામાં આવ્યો

શહેરા,

પંચમહાલ જિલ્લાના મોરવા(હ)તાલુકાના નાગણોદ ગામના તળાવ પર અબડાસાના તેમજ બાવળના વૃક્ષો હતા તેનુ નિકંદન કરી રસ્તો બનાવવામાં આવ્યો છે. આ રસ્તો નાગણોદ ગ્રામ પંચાયતે બનાવ્યો હશે કે કેમ અને જો ગ્રામ પંચાયતે રસ્તો બનાવ્યો છે તો તળાવ પર વૃક્ષો હતા તે વૃક્ષોની હરાજી કરવામાં આવી હતી કે કેમ અને જો કોઈ અન્ય વ્યકિતએ રસ્તો બનાવ્યો છે કે કેમ જો અન્ય વ્યકિતએ રસ્તો બનાવ્યો છે તો નાગણોદ ગ્રામ પંચાયત પાસે મંજુરી માંગવામાં આવી હતી જેવા અનેક સવાલોએ સ્થાન લીધુ છે.

### વડોદરામાં પાલિકાની ૮૨૮ ટીમોએ ઘરે-ઘરે ફરીને સર્વે શરૂ કર્યો, ૧૮ લાખ લોકોની તપાસ થશે

વડોદરા,

ગુજરાતમાં હાલ કોરોના બેકાબુ જોવા મળી રહ્યો છે. ત્યારે સરકાર દ્વારા રાજ્યના ૪ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યુ જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે વડોદરામાં પણ કોરોનાને લઈને સ્થિતિ બેકાબુ જોવા મળી રહી છે. ત્યારે તંત્રની આરોગ્ય વિભાગની ૮૦૦ ટીમો ઘરે-ઘરે જઈને કોરોનાના લક્ષણ ધરાવતા દર્દીઓની તપાસ કરશે. વડોદરા શહેર તેમજ જિલ્લામાં કોરોના બેકાબુ જોવા મળતા તંત્ર એકશન મોડમાં આવી ગયું છે. તંત્ર દ્વારા આરોગ્યની ૮૦૦ ટીમો ઘરે-ઘરે જઈને સર્વેની કામગીરી કરશે.

### ગોધરા જીલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા
## ૨૫ નવેમ્બરના રોજ માઈક્રોસોફ્ટ ટીમ્સ એપના માધ્યમથી ઓનલાઈન ભરતી મેળો અને માર્ગદર્શન શિબિર યોજાયો

ગોધરા,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા દ્વારા તા. ૨૫/૧૧/૨૦૧૭ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ઉમેદવારો માટે માઈક્રોસોફ્ટ ટીમ્સ એપના માધ્યમથી ઓનલાઈન રાજયવ્યાપી જીલ્લા કક્ષાનો ઓદ્યોગિક રોજગાર ભરતીમેળો. એપ્રેન્ટિસશીપ મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરેલ છે. જેમાં ઉમેદવારો ને ઓનલાઈન સ્વરોજગાર યોજના અંગેનું માર્ગદર્શન મળશે તેમજ ખાનગી ક્ષેત્રમાં રોજગારી તેમજ એપ્રેન્ટીસશીપ માટે ધો.૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ. ડિપ્લોમાં અનુભવી, બિનઅનુભવી તેમજ ગ્રેજ્યુએટ , લાયકાત ધરાવતા ઉમેદવારો ને તક પૂરી પાડવામાં આવશે. આ ભરતી મેળામાં પંચમહાલ જીલ્લાના ગોધરા, હાલોલ તથા અમદાવાદ, વડોદરા જીલ્લા નોકરીદાતા દ્વારા મશીન ઓપરેટર, હેલ્પર, સેલ્સ એકઝિક્યુટિવ, ટેલિકોલર જેવી જગ્યાઓ માટે ઉપરોક્ત જણાવેલ અભ્યાસ ધરાવતા મહિલા તથા પુરૂષ ૧૮ થી ૩૫ વર્ષ વય મર્યાદા ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે, ઉકત રાજય વ્યાપી જીલ્લાકક્ષાના માઈક્રાસોફ્ટ ટીમ્સ એપ માધ્યમથી ઓનલાઈન રોજગાર ભરતી મેળામાં મોટી સંખ્યામાં લાભ લેવા રોજગાર અધિકારી એ.એલ. ચૌહાણે જણાવેલ છે.

ઉપરોક્ત ભરતી મેળામાં ભાગ લેવા માઈક્રોસોફ્ટ ટીમ્સ એપ ડાઉનલોડ કરવી ફરજિયાત છે. ઓન લાઈન ભરતી મેળામાં માં જોડાવવા માટેની લિંક : http://shorturl.at/dmA26.

### રાજગઢ પોલીસ મથકના કર્મચારીઓ માટે મેડીકલ કેમ્પનું આયોજન એન્ટીજન ટેસ્ટ કરાવતાં તમામ નેગેટીવ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા રાજગઢ પોલીસ મથકમાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મીઓ જે કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાની કામગીરીમાં રોકાયેલા હોય તેવા ૮૮ કર્મચારીઓના રેપીડ એન્ટીજન ટેસ્ટ માટે મેડીકલ કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં તમામ કર્મચારીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા.

પંચમહાલ જીલ્લા પોલીસ અધિક્ષક લીના પાટીલની સુચના થી રાજગઢ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા તમામ પોલીસ અધિકારી, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ, જીઆરડી જે તાજેતરમાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે ફરજમાં રોકાયેલ હોય તેવા ૮૮ કર્મચારીઓના રેપીડ એન્ટીજન ટેસ્ટ માટે રાજગઢ પોલીસ મથક ખાતે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ પોલીસ કર્મચારીઓએ એન્ટીજન ટેસ્ટ કરાવતા તમામ કર્મચારીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. આ સાથે ઘોઘંબા તાલુકા વિસ્તારના તમામ નાગરિકો તેમજ વેપારીઓ ફેરીયાઓને ઘોઘંબા સી.એસ.સી. તથા નજીકના પી.એચ.સી. કેન્દ્ર ખાતે એન્ટીજન ટેસ્ટ સ્વૈચ્છિક રીતે કરાવવા અપીલ કરવામાં આવી.

### પાવાગઢ પાસે ઝાડીઓ માંથી આધેડનો વિકૃત મૃતદેહ મળ્યો



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,

હાલોલ પાવાગઢ રોડ ખાતે આવેલ સિંધવાઈ મંદિર પાસે ભાડાના મકાનમાં રહેતા ૫૫ વર્ષિય કુનહી કન્ન વી.વી.કન્ન ચલીલ એક ખાનગી કોન્ટ્રાકટ હેઠળ વીજ કંપનીમાં લાઈનમેનનું કામ કરતા હતા. જેઓનો આત્મહત્યા બાદ વિકૃત હાલતમાં મૃતદેહ પાવાગઢની તળેટી ખાતે આવેલ માંડવી ખૂંદપીર ગામ ખાતે આવેલ એક મિનાર મસ્જિદ તરફ જવાના રસ્તાની સાઈડ આવેલ અવાવરૂં ઝાડીઓમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ હતી.

પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહને મરણજનારે ત્રણથી ચાર દિવસ અગાઉ આ સ્થળે કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી હોવાનું અનુમાન લગાવ્યું હતું. મરણજનારની લાશ પાસેથી અંગ્રેજીમાં લખેલ સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી. જેમાં તેઓએ પોતાના અંગો દાન કરવા અંગે પણ સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યા છે.

### ગોધરા કોમર્સ કોલેજના વિદ્યાર્થી દ્વારા જન્મદિનની અનોખી ઉજવણી



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

આપણે આપણી આસપાસ હંમેશા જોઈએ છે કે લોકો પોતાનો કે પોતાના પરિવારના સભ્યોના જન્મદિવસને ફુગ્ગાઓથી રૂમ સજાવી, સંગીતના સૂર સાથે તેમજ કેક કાપી હેપ્પી બર્થડે પાર્ટી ઉજવતા જોવા મળે છે, પણ અહીં ગોધરા કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થી દ્વારા પોતાનો જન્મદિવસ કંઈક નોખી રીતે ઉજવાયો હતો. મળતી માહિતી મુજબ પોતાના જન્મદિવસની ઉજવણી રક્તદાન કરીને રક્તદાન શિબિર યોજીને અનોખી ઉજવણી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એન.એસ. એસ. ના વિદ્યાર્થી ભાવિન ભોઈ દ્વારા કરવામાં આવી જેમા ૬૫ વિદ્યાર્થિઓએ રક્તદાન કર્યું હતું.